# 'સ્ત્રી ભ્રુણ હત્યા' માં સામાજિક સાંસ્કૃતિક પરિબળોની ભૂમિકા એક અભ્યાસ

ડૉ. દીપિકા રાઠોડ
વ્યાખ્યાતા,
શ્રીમતી એમ.એન.કે.દલાલ
એજ્યુકેશન કોલેજ ફોર વિમેન, અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

"યુગ યુગથી લુંટાય તોય શણગારવતી
સૈકે સૈકે ઘવાય તોય સંજીવની"

ભારતીય સંસ્કૃતિનું ઊંડાણ અને પુણ્યબળનો મહિમા નારી છે. વિશ્વમાં નારીનું સર્જન મહાન છે. એ ભાવનાથી મહિલાનું સન્માન કરવું એ ભારતીય સંસ્કૃતિ માટે નવી વાત નથી. જ્યાં સ્ત્રી કન્યા, ગૃહિણી, માતા – બધા જ સ્વરૂપો સન્માનને પાત્ર ગણાય છે. સ્ત્રીના રક્ષણાર્થે અને સ્ત્રીજીવન જોખમાય નહી એ ખ્યાલથી સ્ત્રીજાતિ ઉપર કેટલાક નિયમોનો અને મર્યાદાઓ આવી તેનાથી સ્ત્રીવિકાસનો માર્ગ સાંકડો થતો ગયો.

પંડિત નહેરુના શબ્દોમાં કહીએ તો કોઈપણ સમાજની પ્રગતિની પારાશીશી એ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન કેવું છે તેના ઉપરથી માપી શકાય છે. સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો કે સ્થાન ઉપરથી સમાજની પ્રગતિશીલતાનું માપ કાઢી શકાય છે.

અનેક સંસ્કૃતિ, માન્યતા અને રિવાજોનું સંમિશ્રણ ભારતીય સમાજ રચનામાં ઓતપ્રોત થયેલું છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના વિચારભેદ કે આચારભેદની પરિસ્થિતિમાં આ સમસ્યા પેદા થાય છે.

વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના વિચારભેદને આ ખાઈએ સ્ત્રીના અસ્તિત્વ સામે જ જોખન ઉભું કર્યું છે. સ્ત્રી ખુદ એક માતા તરીકે પોતાના ગર્ભમાં ઉછરતી દીકરીને મૃત્યુના શરણે લઈ જાય છે. ઈ.સ.૨૦૦૧ની વસ્તી ગણતરીના આંકડાએ માત્ર કોઈ એક સમાજની જ નહીં પણ સમગ્ર વિશ્વની ઊંઘ હરામ કરી દીધી છે. દર હજાર પુરુષોએ ૯૨૩ સ્ત્રીઓનો ગુણોત્તર વિકરાળ અને ભડકાવનારો છે. આરતી ક્રિશ્નાકુમારી સિંહા (૨૦૦૭) ના કહેવા પ્રમાણે ભારતમાંથી ૫૦ લાખ સ્ત્રીઓ ગુમ થઈ છે. આ આંકડાની માયાજાળ આપણને અનેક બહુઆયામી પરિબળો તરફ વિચારવા માટે પ્રેરે છે. બહુ સ્વાભાવિક છે કે, સ્ત્રી ભ્રુણ હત્યા એક સામાજિક – સાંસ્કૃતિક વિચારધારાને પરિણામે સર્જાયેલી પરિસ્થિતિ છે અને જો આ સમસ્યામાંથી બહાર આવવું હોય તો સ્વાભાવિક રીતેજ તેના કારણો પ્રત્યે સજાગ બનવું જોઈએ અને તોજ આપણે તેના ઉકેલની દિશામાં સાચાં પગલાં ભરી શકીએ.

આ અભ્યાસ સંશોધન પ્રસ્તુત વિષય પરત્વે વિવિધ સંદર્ભ સાહિત્યનો સહારો લઈને તૈયાર કરવામાં આવ્યો છે. ક્યા ક્યા સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોએ માનવજાતિને સ્ત્રી ભ્રુણ હત્યા તરફ પ્રેર્યા તે જાણવાનો પ્રસ્તુત અભ્યાસનો હેતુ છે.

Kopal (૨૦૦૫) સ્ત્રી ભ્રુણ હત્યાના કારણો નીચે મુજબ જણાવે છે.

૧. પિતૃસત્તાક સમાજમાં પુત્રને વધુ અગ્રિમતા
૨. અધતન પ્રદ્યોગિકીએ ગર્ભમાં જ પુત્રીની હત્યા કરવાની સુવિધા કરી આપી.
૩. પુત્ર દ્વારા જ માતાપિતાની અંત્યેષ્ટી કરી શકાય તેવી ધાર્મિક માન્યતા.
૪. દહેજપ્રથાને કારણે કુટુંબ દ્વારા જ ગર્ભમાં સ્ત્રીની હત્યા પર મુકાતું દબાણ.
૫. સ્ત્રીની શારીરિક અસુરક્ષા.
૬. શિક્ષણ અને જાગૃતિનો અભાવ.

આ કારણોની વિશેષ ચર્ચા કરતાં પહેલાં સ્ત્રી ભ્રુણ હત્યાનાં સંદર્ભમાં સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોનું ઐતિહાસિક દ્રષ્ટિએ એક વિહંગાલોકન આ પ્રશ્નને સમજવામાં સહાયભૂત બની શકે.

## ૨. સ્ત્રી ભ્રુણ હત્યા એક ઐતિહાસિક દ્રષ્ટિકોણ

આ ઐતિહાસિક દ્રષ્ટિકોણને પાંચ મુદ્દામાં જોઈએ.

### *૨.૧ વેદકાલીન સમય*

આ સમયમાં વેદોની રચના કરવામાં આવી તેથી તેને વેદકાલીન સમય કહેવાય છે. આ સમયને પ્રાચીન સમય કહીએ છીએ. પરંતુ સ્ત્રીનું સ્થાન માનભર્યું હતું. શ્રીમતી નીરા દેસાઈના મતાનુસાર : ' પુત્ર જન્મ તરફ પક્ષપાત હોવા છતાં કન્યા જન્મ થતો ત્યારે તેના તરફ ઉપેક્ષા સેવવામાં આવતી નહીં.' યુવતીઓ માટે અભ્યાસ ક્ષેત્રો ખુલ્લા રહેતા. ઘોષી, લોપામુદ્રા, વિશ્વાવીરા વગેરે વેદની રૂચાઓની રચના કરેલી. ગાર્ગી, મૈત્રેયી જેવી સ્ત્રીઓએ અધ્યાત્મિક સિધ્ધિઓ પણ પ્રાપ્ત કરેલી. લગ્નક્ષેત્રે સાથીની પસંદગીમાં સ્વતંત્રતા હતી. કુટુંબમાં પતિ અને પત્ની બંને સમાન ગણાતા. સ્ત્રી પોતાના વિચારો મુક્ત રીતે રજુ કરી શકતી. ટૂંકમાં આ સમયગાળામાં સમાજરથના બંને ચક્રોની ભૂમિકા સમાન હતી અને તેથી સુસંસ્કૃત સમાજ રચનાનું નિર્માણ જોવા મળે છે.

### *૨.૨. ઉત્તરવેદકાલીન સમય*

આ સમયગાળામાં રાજ્યવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં થતા ફેરફારને કારણે સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન આવવાનું શરુ થયું. પુત્રીનો જન્મ આપત્તિરૂપ ગણાતો. પુત્ર જ આશાનું કિરણ છે તેમ માનવામાં આવતું. સ્ત્રીના ઉંમરના દરેક તબક્કે ક્રમશઃ પિતા, પતિ અને પુત્રના અંકુશ હેઠળ રહેવું પડતું. બહુપત્ની પ્રથા સામાન્ય બની ગઈ સ્ત્રીને 'ગૃહસ્વામિની' નું બિરુદ આપીને તેનું સ્થાન ઘરની ચાર દીવાલોમાં સીમિત બનાવી દેવામાં આવ્યું હતું.

### *૨.૩ સ્મૃતિયુગ*

ઈ.સ. પૂર્વેના ૩૦૦ વર્ષ સુધીના સમયગાળાને 'સ્મૃતિયુગ' કહે છે. આ સમયમાં મનુસ્મૃતિની રચના થઈ. મનુ ભગવાન મનુસ્મૃતિમાં એક બાજુથી' જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવો વસે છે' વિધાન કરે છે ત્યાં બીજી બાજુ એ જ મનુસ્મૃતિમાં 'ઢોર અને પશુની સાથે સ્ત્રી પણ મારની અધિકારીણી છે'. તેવું બતાવે છે. આ સમયમાં સ્ત્રીઓને બધી યાતનાઓનું મૂળ માનવામાં આવતી. સ્ત્રીઓને બહાર હરવા-ફરવા, મુક્ત વિચાર રજુ કરવા પર પ્રતિબંધ હતો. ડૉ.તારાબહેન પટેલના મતાનુસાર ઈ.સ.૧૦૦૦ ૧૮૦૦ સુધી સ્ત્રીશિક્ષણ સંબંધી સંસ્થાઓનો ઉલ્લેખ ક્યાંય જોવા મળ્યો નથી.

### *૨.૪ મધ્યયુગ*

આ સમયગાળાને અંધકારયુગ કહેવામાં આવે છે. આ ગાળા દરમ્યાન સ્ત્રીની અવદશા પરાકાષ્ઠાએ પહોંચેલી જોવા મળે છે. સ્ત્રીના વ્યક્તિત્વ પર કુઠારઘાત કરતી અમાનુષી કુપ્રથાઓ અસ્તિત્વમાં આવી. કન્યા દૂધપીતી કરવી, બાળલગ્નો, પડદાપ્રથા વગેરે. સ્ત્રી શિક્ષણ તો ન જ લઇ શકે. ઘરની ચાર દીવાલોમાંથી સ્ત્રીઓએ બહાર નહીં નીકળવું.

### *૨.૫ બ્રિટીશ યુગ*

૧૯મી સદીમાં સમગ્ર વિશ્વમાં પરિવર્તનનો પવન ફૂંકાયો. વિશ્વના અન્ય દેશો પછી આપણા દેશમાં નવજાગૃતિનો યુગ શરુ થયો. આ યુગમાં મહાન સમાજ સુધારકોની ઉદારમતવાદી વિચાર સરણી અને શિક્ષણના ફેલાવાએ સ્ત્રીના સ્થાનની સુધારણામાં મહત્વનો ફાળો આપ્યો. સતીપ્રથા પર પ્રતિબંધ મુકતો કાયદો ઘડાયો. વિધવા વિવાહને છૂટ આપાઈ. સ્ત્રી શિક્ષણ માટે 'વીમેન્સ યુનિવર્સીટી' ની સ્થાપના થઈ. પ્રો. જે.કે.દવેના મતાનુસાર 'બ્રિટીશ યુગ દરમિયાન સ્ત્રીઓનો સામાજિક સ્થાનમાં થયેલા ફેરફારો તેમાંય કાનૂની જોગવાઈઓએ સ્ત્રી-પુરુષની અસમાનતાની તત્કાલીન પરિસ્થિતિમાં સમાનતા અને સ્વતંત્રતારૂપી નવા આંકા દોરી આપ્યા.

સ્ત્રી ભ્રૂણ હત્યા પ્રત્યેનો વેદકાલીન સમયથી બ્રિટીશ યુગ તરફના ઐતિહાસિક દ્રષ્ટિકોણને જોયા પછી તેમાં અનેક ઉતાર ચઢાવ જોવા મળે છે. મધ્યયુગમાં થયેલા સ્ત્રીઓના પતન પછી જે કાઈ પણ સુધારાવાદી વલણ થયું તેની જાગૃતિ હજી જોઈએ તેવી કેળવાઈ નથી અને એટલે જ ૨૧મી સદીમાં પણ અધતન ટેકનોલોજીને હાથમાં રમાડનાર માણસ એ જ હાથથી સ્ત્રીની હત્યા કરીને સમાજનો, કાયદાનો અને કુદરતનો ગુનેગાર બને છે.

આ ગુના પાછળ કયા કયા સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોએ અસરકારક ભૂમિકા ભજવી છે તેનો વિશદ અભ્યાસ કરીએ.

આ પરિબળો નીચે મુજબ છે.

૧. સ્ત્રીનો સામાજિક દરજ્જો.
૨. સ્ત્રીનો વ્યાવસાયિક દરજ્જો.
૩. સ્ત્રીઓ અને શિક્ષણ.
૪. સામાજિક કુરિવાજો.
૫. ધાર્મિક માન્યતાઓ

આ પરિબળોને આપણે વિગતે સમજીએ.

### *૨.૬ સ્ત્રીનો સામાજિક દરજ્જો*

ભારતના સંવિધાનમાં સ્ત્રી-પુરુષને સમાન અધિકાર સંપન્ન કર્યો છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ જુદી છે. સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ કહેનાર કેટલા પુરુષો બરોબરી થાય તેમ ઈચ્છે છે ? વાસ્તવમાં સ્ત્રી અબળા નહીં પણ સબળા થવી જોઈએ એ બૂમો પડનારો પુરુષ વર્ગ વાસ્તવમાં તેમ કરવામાં તૈયાર છે ખરો ? માટે જ સ્ત્રી સબળા થાય તેવું વાતારવણ પેદા કરી શકયા નથી. પુરુષ જયારે સ્ત્રીને બૈરું કહે છે ત્યારે તેમાં પુરુષનો અહંકારપૂર્વકનો સ્વામિત્વનો ભાવ પ્રતિબિંબિત થાય છે. સ્ત્રીની આગવી પ્રતિભા આપણે સાંખી શકયા નથી.

સ્ત્રીને આપણે પારકી થાપણ માની છે. માટે જ પુરુષ કરતાં સ્ત્રીની વિકાસની તકો સીમિત બનાવી દીધી છે. જયારે આપણે સ્ત્રી વિકાસની વાતો કરીએ છીએ ત્યારે આપણને તેમાંથી વળતર શુ મળશે તેનો હિસાબ માંડીએ છીએ. દીકરી પાછળ ખર્ચ કરવામાં માં બાપને ભવિષ્યમાં કોઈ લાભ મળતો નથી. આ કારણથી ક ભારતમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. આજે પણ સ્વીત્ઝરલૅન્ડ જેવા દેશમાં સ્ત્રીઓને મતાધિકાર નથી. સ્ત્રીનું સ્થાન રસોડામાં જાહેર જીવનમાં નહી તેનાથી પારિવારિક સંબંધો કથળે છે. આ ખ્યાલ સ્ત્રી પોતાની બરોબરી ન કરે તેવી ભાવનામાંથી પુરુષોએ ઉભો કર્યો છે. સ્ત્રીનું આગવું અસ્તિત્વ નહિ સ્વીકારવામાંથી આ પરિસ્થિતિ ઉભી થઇ છે.

એક પદયાત્રા દરમિયાન સ્ત્રી જાગૃતિને પ્રયોગ થયો હતો. પદયાત્રાની ટુકડીએ ગામમાં પ્રવેશ કર્યો. મહિલા જાગૃતિ.....રાષ્ટ્ર જાગૃતિ..... આ સૂત્ર સાંભળી એક કાકા મનમાં ધૂંધવાતા બોલ્યા 'બૈરાને આમ ફટવી મારશો તો બધામાં હક્ક કરતા થઇ જશે અને જીવવું ભારે થઇ પડશે.' અહીં કાકાનું વલણ સ્ત્રીઓ ઉપર સ્વામીત્વનું પ્રભુત્વ ઓછુ થઇ જાય તે સાંખી લેવા તૈયાર નથી.

દરેક સમાજને પોતાનું આગવું બંધારણ હોય છે અને તે અનુસાર તે સમાજની વ્યક્તિઓ સ્ત્રી પ્રત્યેના પોતાના વલણોને ઘડતા હોય છે.

### *૨.૭ સ્ત્રીનો વ્યવસાયિક દરજ્જો*

સ્ત્રીઓ જયારે આર્થિક કામ કરવા બહાર જાય છે ત્યારે તેમના માથે બેવડા કામનો બોજો હોય છે. પિતૃપ્રધાન વ્યવસ્થામાં મુલ્યોને કારણે ઘર અને કુટુંબની સઘળી જવાબદારી સ્ત્રીઓને માથે હોય છે. પતિ કે કુટુંબના અન્ય પુરુષો તેમની આ જવાબદારીમાં ભાગ્યેજ હિસ્સેદાર થાય છે. ઉપરાંત સ્ત્રીને કારખાના કે નોકરીના સ્થળે ઉતરતા ગણવામાં આવતા હોવાથી તેમનો કામનો પ્રકાર અને રોજીનો દર પુરુષની સરખામણીમાં ઉતરતા હોય છે. મહેનતાનું તેમજ કંટાળાજનક કામ સ્ત્રીઓએ ભાગે આવે છે. લાયકાત વધારવાની તેમજ બઢતીની તકો તેમને માટે ઓછી હોય છે.

સ્ત્રીઓનો ઉતરતો સામાજિક દરજ્જો તેની દરેક પ્રકારની સામાજિક ભૂમિકામાં પ્રતિબિંબિત થાય છે. અપવાદો બાદ કરતાં શિક્ષિત સ્ત્રીઓનો પોતાના કુટુંબને લગતી મહત્વની બાબતો અંગેના નિર્ણયમાં કોઈ સૂર હોતો નથી. મધ્યમ વર્ગની શિક્ષિત સ્ત્રીઓ બહાર કમાવા જતી થઇ છે. પરંતુ તેની પોતાની કમાણી પર તેનો હક્ક હોતો નથી

સ્ત્રીઓને પોતાની કઈ કારકિર્દી ઘડવી, કયું ક્ષેત્ર પસંદ કરવું, તેનો નિર્ણય કુટુંબના પુરુષ સભ્યો લેતા હોય છે.
સ્ત્રીને ગૃહિણી અને માતાની ભૂમિકા અદા કરવાની તે જ મુખ્ય અને પાયાની ભૂમિકા ગણી છે. પરિણામે સ્ત્રીઓને અન્ય ભૂમિકાના વિકલ્પ તરીકે સ્વીકારી નથી.

તેથી આજે પણ શિક્ષિત સ્ત્રીઓ અને ઉચ્ચશિક્ષણ પામેલી સ્ત્રીઓને પણ શ્વસુર ગૃહે જોતે કુટુંબની ઈચ્છા ન હોય તો વ્યવસાયના ક્ષેત્રમાં જવાની મંજુરી આપવામાં આવતી નથી. પરિણામે નાનપણથી સ્ત્રીઓના અભ્યાસ તરફના વલણ સંકુચિત જોવા મળે છે. કારણકે તેઓ એવી માન્યતા ધરાવતી થઇ જાય છે કે ગમે તેટલું ભણ્યા પછી છેવટે તો 'કડછી' જ પકડવાની છે ને.

વ્યવસાયમાં પોતાના કરતા ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન સ્ત્રીઓને પુરુષો સાહજિકપણે સ્વીકારી શકતા નથી. ઉચ્ચ હોદ્દા પર બેઠેલી સ્ત્રીઓને તેમની માનસિક શક્તિ અને કબેલિયતને શંકાની નજરે જુએ છે.

### *૨.૮ સ્ત્રીઓ અને શિક્ષણ*

શિક્ષણ સમાજ પરિવર્તનનું એક અતિ મહત્વનું સાધન મનાય છે. શિક્ષણ લોકોમાં જાગૃતિ લાવે છે. છતાં પણ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી પ્રમાણે સ્ત્રી શિક્ષણની ટકાવારીનું પ્રમાણ ૫૪.૧૬ ટકા છે. જે ૧૯૫૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૮.૩૩ ટકા વધ્યું છે. ગુજરાતમાં સ્ત્રી શિક્ષણનું ટકાવારી પ્રમાણે ૫૮.૬૦ ટકા છે. સૌથી ઓછું સ્ત્રી શિક્ષણનું ટકાવારી પ્રમાણે જમ્મુ કાશ્મીર (૪૧.૮૨), રાજસ્થાન(૪૪.૩૪), ઉત્તરપ્રદેશ (૪૨.૯૮) ઝારખંડ (૩૯.૩૮) નું છે. આવા રાજ્યોમાં હજુ પણ ૬૦ જેટલી સ્ત્રીઓ અશિક્ષિત છે.

દિલ્હી,ગોવા,મિઝોરમ,આંદામાન નિકોબાર,ચંડીગઢ અને પોંડીચેરી જેવા રાજ્યોમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ૭૦ થી ૭૫ ટકા જેટલું છે. છતાં પણ પુરુષોની ટકાવારી કરતા તો નીચું જ છે. કેટલાક એવા વ્યવસાયો છે કે જેમાં સ્ત્રીઓનું ટકાવારી પ્રમાણે ઓછુ કે નહીંવત છે. દા.ત. મિલિટ્રી, પીલોસ, તકનીકી, રાજકારણ,કાયદો વગેરે.

### *૨.૯ સામાજિક કુરિવાજો*

ભારતીય સંસ્કૃતિ સ્ત્રીને લગ્ન પહેલાં કે લગ્ન પછી આપવામાં આવતી રોકડ કે વસ્તુના રૂપમાં મિલકત આપવી આ રીવાજ એ સ્ત્રીના દરજ્જા અને ભૂમિકા પર માઠી અસર કરે છે. જેથી દહેજ ન આપી શકાય તેવા માતા-પિતા પુત્રીને જન્મ પહેલાં કે પછી મૃત્યુને ઘાટ ઉતારી દેતા હોય છે. દહેજને કારણે બાળકીને દૂધ પીતી કરવાનો રીવાજ આપઘાત,

સ્ત્રીઓને મારઝૂડ કે તેઓને સળગાવી મારવા વગેરે જેવા સામાજિક અનિષ્ટો ફેલાતા જાય છે. સને ૧૯૬૧ થી દહેજ પ્રતિબંધક ધારો અમલમાં આવ્યો. કારણ કે દહેજથી થતાં મરણની સંખ્યામાં આજે પણ ઉત્તરોતર વધારો થતો ગયો છે. આ ઉપરાંત સતીપ્રથાનો રીવાજ જે પતિના મૃત્યુ પાછળ પત્નીને સતી થવું પતિની ચિતામાં બેસી પતિ સાથે સળગી મરવું. જો પતિના મૃત્યુ પાછળ પત્ની સતી થાય તો પતિને સ્વર્ગ મળે છે. આવી માન્યતાને કારણે સ્ત્રીઓ પોતાના પતિના મૃત્યુ પછી સતી થતી. જેને ભારતીય સંસ્કૃતિ ગણાવી. સતીપ્રથાનો કાયદો ઘડાયો(૧૯૨૯) તો પણ હમણા રાજસ્થાનનો દેબરાલા ગામે રૂપકુંવરના સતી થવાના બનાવો બન્યા. પડદાપ્રથા રીવાજ, વિધવા વિવાહ પ્રતિબંધ વગેરે કુરીવાજોએ સ્ત્રીઓને નીચી કક્ષાની ગણી છે. આજે પણ શિક્ષિત સમાજમાં આ વલણ બહુ ઓછુ બદલાયેલું જોવા મળે છે.

### *૨.૧૦ ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાઓ*

ભારતીય સંસ્કૃતિએ પુત્ર જન્મની પ્રાધાન્યતાને સ્વીકારી છે. પુત્રએ જો પિંડદાન કરેતો પિતૃને મોક્ષ પ્રાપ્તી થાય. જેથી પુત્રનો મહિમા વધી ગયો. પુત્ર હોય તો ઘરનો દીવો જલતો રહે. પુત્રીના અસ્તિત્વને ભારતીય સંસ્કૃતિ નકારી કાઢે છે જેથી સાત દીકરીઓનો પિતા પણ પુત્ર ઈચ્છે છે. આથી પુત્રીઓની સમાજમાં કોઈ કિંમત નથી. દરેક માતા-પિતા પુત્ર ઝંખે છે.

## ૩. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસ સ્ત્રી ભ્રૂણ હત્યાના સંદર્ભમાં કયા કયા સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોએ મહત્વની ભૂમિકા ભજવી છે તે સંદર્ભમાં એક દ્રષ્ટિ પૂરી પાડી છે. આ જ કારણો પ્રત્યે જો માનવજાતનું વલણ બદલાય તો પ્રસ્તુત સમસ્યા પરત્વે એક સાચી દિશામાં પગરણ માંડી શકાય. આ માટે જરૂર છે અરસપરસના સહકાર થકી પ્રતિબધ્ધ બનવાની અને તે માટે ચોક્કસ અમલકરણ કરવાની.

સમગ્ર માનવજાત તો એક જ છે અને સ્ત્રી-પુરુષ તેના છુટા ન પાડી શકાય તેવા અંગો છે. વિશ્વના આ જીવનરૂપી રથમાં આ બે પૈડાને સમગ્ર સમાજ સમાન અધિકાર સમાન દરજ્જો અને આદર આપે તોજ સમાજનું રાષ્ટ્રનું અને વિશ્વનું કલ્યાણ થાય.

## સંદર્ભ સૂચિ

૧. મૂર્તિ, સુધા (૨૦૦૪).'મનની વાત' અનુવાદ સોનલ મોદી., આર.આર.શેઠની કંપની, મુંબઈ
૩. શાહ, કલ્પના :'સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા' યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ૬
૪. પટેલ, રામુભાઈ :'ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો' , ગુર્જર પ્રકાશન, ગુજરાત યુનિ,.અમદાવાદ
૫. પટેલ, એચ.એ. (તંત્રી) :'આદિત્ય કિરણ' (સામાયિક) વર્ષ-૨ અંક ૯ થી ૧૦ડીસેમ્બર–જાન્યુઆરી અમદાવાદ-૯
૬. પરીખ, પ્રવિણચંદ્ર :'ભારતનો સાંસ્કૃતિક વિકાસ' ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત યુનિ. અમદાવાદ ૦૯
૭. દવે, બી.કે. (૧૯૯૦). 'સામાજિક મનોવિજ્ઞાન', બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ
૮. Sinha, Arti Krushna:Violence from cradle to Grave, Institute of Charted Finance Anlysis of India, ICFAI Uni. Hydrabad., HHP: II SSM.com Labsrect=970171.